તાપમાન
મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૪૫ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૦૫ | ૨૫ જૂન, ૨૦૧૬, શનિવાર ; જેઠ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ભારતીય અર્થતંત્ર ખુબ મજબૂત : રાજન

નવીદિલ્હી,તા. ૨૪

ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર રઘુરામ રાજને બ્રિટન યુરોપિયન યુનિયનથી અલગ થઈ ગયા બાદ પોતાની પ્રતિક્રિયા આપતા આજે કહ્યું હતું કે, ભારતીય અર્થતંત્ર ખુબ મજબૂત છે. તેની કોઈ અસર ભારત ઉપર વધારે થશે નહીં. આરબીઆઈ માર્કેટને સામાન્ય બનાવી રાખવા માટે લિક્વિડીટી જાળવી રાખશે. રાજને કહ્યું હતું કે, અમે વિશ્વના બજારો ઉપરાંત કરંસી માર્કેટ ઉપર પણ નજર રાખી રહ્યા છે. જુદી જુદી ઓથોરિટીના સંપર્કમાં છીએ.

તેમણે કહ્યું હતું કે, ભારતના કરન્સી અન્ય દેશોની સરખામણીમાં વધારે સ્થિર છે. વધારે સારા મોનસુનની આશાથી ભારતીય બજારમાં મજબૂતી રહેશે. ભારતની વૈશ્વિક માર્કેટમાં હિસ્સેદારી ખુબ વધારે રહી નથી. ભારતની પાસે ૩૬૦ અબજ ડોલરનો વિદેશી હુંડિયામણ ભંડોળ છે જે કોઈપણ સમસ્યાને પહોંચી વળવા માટે પુરતો છે.

# બ્રિટન યુરોપિયન યુનિયનથી અંતે અલગ

### ઐતિહાસિક નિર્ણય : ૨૮ દેશોવાળા યુરોપિયન યુનિયનથી અલગ થવા બે વર્ષ લાગશે : બ્રિટન યુરોપિયન યુનિયનમાં રહેવું જોઇએ કે કેમ તેને લઇને ૪૩ વર્ષ બાદ થયેલા જનમત સંગ્રહમાં બાવન ટકા મતદાન બ્રેક્સિટની તરફેણમાં નોંધાયું



લંડન,તા. ૨૪

ધારણા પ્રમાણે જ બ્રિટન આખરે યુરોપિયન યુનિયનથી અલગ થઈ ગયુ છે. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. બ્રિટનની પ્રજાએ ઐતિહાસિક નિર્ણય કરીને યુરોપિયન યુનિયનથી બ્રિટનને બહાર રહેવાની તરફેણમાં મતદાન કર્યું હતું. ગુરુવારના દિવસે કરાવવામાં આવેલા જનમત સંગ્રહમાં આશરે ૫૨ ટકા મતદાન યુરોપિયન યુનિયનમાંથી બ્રિટન બહાર રહે તેની તરફેણમાં રહ્યું હતું જ્યારે ૪૮ ટકા મતદાન બ્રિમેન માટે થયું હતું. બ્રેક્સિટ અને બ્રિમેનને લઈને અટકળોનો દોર ચાલી રહ્યો હતો. યુરોપિયન યુનિયનથી અલગ થવામાં હજુ બ્રિટનને બે વર્ષનો સમય લાગશે. જનમત સંગ્રહના અંતિમ પરિણામ મુજબ બ્રિટનમાં યુરોપિયન યુનિયનથી અલગ થવાની તરફેણમાં ૫૧.૯ ટકા મતદાન થયું હતું. એટલે કે અલગ થવાની તરફેણમાં ૫૨ ટકા મતદાન થયું હતું અને સાથે રહેવાની તરફેણમાં ૪૮ ટકા મતદાન થયું હતું. બ્રિટનના વડાપ્રધાન ડેવિડ કેમરુન પોતે પણ યુરોપિયન સંઘમાં રહેવાની તરફેણમાં હતા. પરિણામોથી સ્પષ્ટ થઈ ગયું છે કે, પૂર્વોત્તર ઈંગ્લેન્ડ, વેલ્સ, મિડલેડ્સના મોટાભાગના મતદારો યુરોપિયન યુનિયનથી અલગ રહેવા ઈચ્છુક હતા. આ અંગેની જાહેરાત વિધીવતરીતે કરવામાં આવી ચુકી છે.

● અનુસંધાન પાન-૭ પર

## જનમતના પરિણામ બાદ ડેવિડ કેમરૂનનું રાજીનામુ

### ઓક્ટોબર સુધીમાં નવા વડાપ્રધાન આવશે : બ્રિટનના લોકોના ફેંસલાનું સન્માન કરે છે : ડેવિડ કેમરૂન



લંડન,તા. ૨૪

ઐતિહાસિક જનમત સંગ્રહના પરિણામ આવી ગયા બાદ બ્રિટન એકબાજુ યુરોપિયન યુનિયનમાંથી હવે દૂર થશે. બીજી બાજુ બ્રિટનના વડાપ્રધાન ડેવિડ કેમરુને પણ રાજીનામું આપી દીધું હતું. ડેવિડ કેમરુને રાજીનામુ આપવાની જાહેરાત કરી હતી અને કહ્યું હતું કે, તેઓ હોદ્દો છોડી દેશે. કેમરુને કહ્યું હતું કે, ઓક્ટોબર સુધી ઓફિસમાં એક નવા વડાપ્રધાન આવી જશે. કેમરુને એમ પણ કહ્યું હતું કે, તેઓ બ્રિટનના લોકોના ફેંસલાનું સન્માન કરે છે. આનાથી બ્રિટનની અર્થવ્યવસ્થામાં સુધારો થશે. બ્રિટનની આર્થિક સ્થિતિ પહેલાથી જ મજબૂત છે. કેમરુને કહ્યું હતું કે, આ જનમત સંગ્રહ તેમના માટે ન હતો. કેમરુને એમ પણ કહ્યું છે કે, પ્રજાએ બીજો માર્ગ પસંદ કર્યો છે. આના માટે નવા વડાપ્રધાનની જરૂર પડશે. આગામી ટીમના કેપ્ટન તરીકે તેઓ રહેવા ઈચ્છુક નથી.

આ સમય નવા નેતૃત્વ માટે વધારે યોગ્ય છે. નવા વડાપ્રધાનની ચૂંટણી ઓક્ટોબર મહિનામાં કન્ઝર્વેટિવ પાર્ટીની કોન્ફરન્સમાં થશે.

# ચીન સહિત પાંચ દેશોનો ભારતની એન્ટ્રીનો વિરોધ

### એનએસજી : ભારતની આશા પર પાણી, મિટિંગમાં સંમતિ થઈ નહીં : એનપીટીને લઈને ચીને જિદ્દી વલણ અપનાવતા ભારતને નિરાશા

લંડન,તા. ૨૪

ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રુપ (એનએસજી)માં એન્ટ્રીને લઈને ભારતની આશા ઉપર હાલ પુરતુ પાણી ફરી વળ્યું છે. ૪૮ સભ્યોના ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રુપની બેઠકમાં ભારતની દાવેદારીના મુદ્દા ઉપર કોઈ નિર્ણય લઈ શકાયો નથી. આ બેઠક સર્વસંમતિ વગર પૂર્ણ થઈ ગઈ છે. ભારતની મેમ્બરશીપ સામે ચીને જોરદાર વાંધો ઉઠાવ્યો હતો. અન્ય કેટલાક દેશો પણ ચીનની સાથે જોડાયા હતા. એનએસજીમાં બિન એનપીટી સભ્યોને સામેલ કરવાને લઈને ભારે વિભાજનની સ્થિતિ રહી હતી. ચીને વિરોધ વ્યક્ત કરતા કહ્યું હતું કે, ભારતની મેમ્બરશીપની અરજી અંગે વિચારણા કરી શકાય નહીં. કારણ કે, આશરે અન્ય ૧૦ દેશોનો ટેકો ધરાવનાર એનપીટી સમજૂતિ ઉપર ભારતે હસ્તાક્ષર કર્યા નથી. અમેરિકા, બ્રિટન, ફ્રાંસ અને ન્યુક્લિયર ટ્રેડિંગ ગ્રુપમાં મોટાભાગના દેશોનો મજબૂત ટેકો હોવા છતાં ભારતની એન્ટ્રીને સમર્થન મળી શક્યું નથી. ભારતની મેમ્બરશીપને લઈને ચીને શરૂઆતથી જ વાંધો ઉઠાવ્યો હતો. ચીને કહ્યું હતું કે, બિન એનપીટી દેશોની મેમ્બરશીપને લઈને સર્વસંમતિ થઈ શકી નથી. ચીન દ્વારા ભારત વિરોધી વલણ દર્શાવે છે કે, ચીની પ્રમુખ જિંગપિંગ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અપીલથી સહમત થયા નથી. જિંગપિંગે મોદીની વાત સ્વીકારી નથી. મોદીએ તાસ્કન્દમાં જિંગપિંગને અપીલ કરતા કહ્યું હતું કે, ભારતની દાવેદારીને ટેકો આપવો જોઈએ. ભારતની અરજી ઉપર નિષ્પક્ષ અને વાજબી મુલ્યાંકન કરવા મોદીએ જિંગપિંગને કહ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

## ભારત પર અસર શું થશે

### બ્રિટન હવે યુરોઝોનના હિસ્સા તરીકે રહેશે નહીં : પેટ્રોલ, ડીઝલના ભાવ વધશે : આયાત મોંઘી થશે :ડોલર મજબૂત થતાં ભારતીય કંપનીને મોટો ફટકો પડી શકે

લંડન,તા. ૨૪

- બ્રિટનના યુરોપિયન યુનિયનથી બહાર થઈ ગયા બાદ પાઉન્ડમાં જોરદાર ઘટાડો જારી રહેશે. પાઉન્ડમાં ઘટાડો થશે. ડોલરની કિંમતમાં વધારો થશે. ડોલર મજબૂત થવાની સ્થિતિમાં ભારતીય રૂપિયા ઉપર માઠી અસર થશે. તેની કિંમતમાં ઘટાડો થશે
- હાલમાં મોટાભાગના ક્રૂડ ઓઈલની ખરીદી પેટ્રોડોલરમાં કરવામાં આવે છે. ડોલરની કિંમત વધવાની સ્થિતિમાં ભારત માટે ક્રૂડ ઓઈલની આયાત વધારે મોંઘી થશે. તેની સીધી અસર પેટ્રોલ ડીઝલના ભાવ ઉપર પડશે. પેટ્રોલ ડીઝલના ભાવમાં સીધો વધારો થશે. પેટ્રોલ ડીઝલના ભાવ વધવાની સ્થિતિમાં તમામ ચીજો મોંઘી થશે. ક્રૂડ ઓઈલની કિંમત વધશે તો પેટ્રોલ ડીઝલની કિંમત પણ સ્વાભાવિકરીતે વધશે
- પાઉન્ડની સરખામણીમાં ડોલરની માંગ વધશે.આનાથી આયાત કરવામાં આવતી ચીજવસ્તુઓ ઉપર થશે. ડોલર મજબૂત થશે તો આયાત વધારે મોંઘી બનશે
- ડોલર મજબૂત થવાની સ્થિતિમાં વિદેશમાંથી ખરીદવામાં આવતી ઈલેક્ટ્રોનિક ચીજવસ્તુ વધારે મોંઘી થશે. સોનાના ભાવમાં વધારો થશે.
- બ્રેક્સિટ મારફતે કારોબાર કરી રહેલી સેંકડો કંપનીઓ માટે આ સોદો નુકસાનનો રહેશે.
- બ્રિટન અલગ થઈ ગયા બાદ અન્ય દેશો પણ યુરોપિયન યુનિયનથી અલગ થવાના પ્રયાસ કરી શકે છે. આનાથી પાઉન્ડની હાલત કફોડી થશે. ડોલર વધારે મજબૂત થતો રહેશે. ભારતીય કંપનીઓને નુકસાનનો સામનો કરવો પડશે
- જે ૨૫ દેશોની સાથે દ્વિપક્ષીય વેપાર સંતુલન ભારતીય તરફેણમાં છે તેમાં બ્રિટન સાતમાં ક્રમ ઉપર છે. બ્રિટનમાં રોકાણ કરવાના મામલામાં ભારત ત્રીજા ક્રમ ઉપર છે
- યુરોપિયન યુનિયન સાથે કારોબાર કરનાર દેશો ઉપર ખરાબ અસર થશે
- ભારતીય આઈટી સેક્ટરની છથી ૧૮ ટકા કમાણી બ્રિટનથી થાય છે. ભારતીય કંપનીઓ માટે યુરોપમાં ઘુસી જવાનો રસ્તો બ્રિટનથી શરૂ થાય છે. આવી સ્થિતિમાં યુરોપના દેશોથી હવે નવા કરાર કરવા પડશે
- દુનિયાભરના દેશોમાં અનિશ્ચિતતાનો માહોલ રહેશે. તેની સીધી અસર ભારતીય શેરબજાર ઉપર થશે

# સેંસેક્સમાં ૬૦૫ પોઈન્ટનો વિક્રમી ઘટાડો

### રોકાણકારોએ મિનિટોમાં જ ચાર લાખ કરોડથી વધુ રૂપિયા ગુમાવ્યા : બ્રિટનમાં જનમત સંગ્રહના ઐતિહાસિક પરિણામની બજાર ઉપર માઠી અસર વિશ્વના બજારોમાં બ્લેક ફ્રાઈડે

મુંબઈ,તા. ૨૪

શેરબજાર આજે સવારે પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ જતા કારોબારીઓ હચમચી ઉઠ્યા હતા.શેરબજાર આજે કડડભુસ થવા માટે કેટલાક કારણો રહ્યા હતા. યુરોપિયન યુનિયનમાંથી બ્રિટનની બાદબાકીની તરફેણમાં ઐતિહાસિક જનમતના પરિણામ આવ્યા બાદ વૈશ્વિક શેરબજારમાં અફડાતફડી મચી ગઈ હતી.

બેંચમાર્ક ઈન્ડેક્સ ઐતિહાસિક ઘટાડો થયા બાદ બે ટકાથી વધુના ઘટાડા સાથે બંધ રહ્યો હતો. એક વખતે ૯૦૦થી પણ વધુ પોઈન્ટનો કડાકો સવારમાં રહ્યા બાદ અંતે સેંસેક્સ ૨.૨ ટકા અથવા તો ૬૦૫ પોઈન્ટ ઘટીને ૨૬૩૯૮ની સપાટીએ રહ્યો હતો. નિફ્ટી ૨.૨ ટકા ઘટીને અથવા તો ૧૮૨પોઈન્ટ ઘટીને ૮૦૮૯ની સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧.૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.



## ડોલર સામે રૂપિયો ૭૨ પૈસા ગગડ્યો

મુંબઈ,તા. ૨૪

શેરબજારમાં અફડાતફડીની સાથે સાથે રૂપિયામાં પણ આજે રેકોર્ડ કડાકો બોલી ગયો હતો. રૂપિયો ઈન્ટ્રા ડેની સૌથી ઉંચી સપાટીથી રિકવર થયો હતો. શરૂઆતમાં ભારે આંકડા બાદ રૂપિયો અંતે ૬૭.૯૭ની સપાટીએ રહ્યો હતો. તેમાં ૭૨ પૈસાનો ઘટાડો તેમાં નોંધાયો હતો. અમેરિકી ડોલર સામે રૂપિયો ખુબ જ મજબૂત થયો હતો. રૂપિયામાં આ સપાટી છેલ્લે ૨૯મી ફેબ્રુઆરીના દિવસે જોવા મળી હતી. ૨૪મી ઓગસ્ટ ૨૦૧૫ બાદથી ડોલર સામે રૂપિયામાં સૌથી મોટો ઘટાડો રહ્યો હતો. રૂપિયો આજે સવારે અમેરિકી ડોલર સામે ૬૭.૯૦ની સપાટીએ ખુલ્યો હતો અને ૧.૪૨ ટકા સુધી ઘટી ગયો હતો. એક વખતે ઈન્ટ્રા ડે દરમિયાન રૂપિયો ૬૮.૨૨ની ઐતિહાસિક નીચી સપાટી સુધી પહોંચ્યો હતો. વાર્ષિક આધાર પર વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા લોકલ ઈક્વિટી માર્કેટમાંથી ૨.૮૧ અબજ ડોલરની ખરીદી કરવામાં આવી છે.


KOOK WITH KANINIKA
Learn
Chiness & Italian
Sizzlars...
25th-26th June - 3 to 5
Mocktails, ThickShake & Drinks...
26th June - 1 to 3
Bakery
27th - 28th June - 3 to 5
Punjabi & Continental
29th - 30th June 3 to 5
Microwave Cooking
1st - 2nd July 3 to 5
For more details Contact
9879977286
Plot No. 426/1, First Floor, Sec-12/B, Gandhinagar
www.kaninika.com



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225





આયુર્વેદિક દવાઓ
આયુર્વેદિક નિદાન કેમ્પ
દર શનિવારે સાંજે ૫ થી ૮
MNM WellCARE
Manoj M. Trivedi | 98793 48048
Opp. Shree Bhuvneshwar Temple, Cheap Type Shopping Center, Sector-6/D, Gandhinagar. Ph. : 079 - 23241415




## બેસણું

અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **ભગવતભાઈ સુથારનું** તા. ૨૩/૬/૨૦૧૬ને ગુરૂવારના રોજ નિધન થયેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૨૬/૬/૨૦૧૬ને રવિવારે સવારે ૮-૩૦ થી ૧૧.૦૦ દરમિયાન** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજની વાડી, સેક્ટર-૭ પોલીસ સ્ટેશનની સામે, ગાંધીનગર**

ગં.સ્વ. કમળાબેન ભગવતભાઈ સુથાર

| | |
|---|---|
| અરૂણા એમ. ગજ્જર | મહેન્દ્ર બી. ગજ્જર |
| હેમા આર. ગજ્જર | રાજુ બી. ગજ્જર |
| સંધ્યા એચ. ગજ્જર | ડો. હર્ષદકુમાર બી. ગજ્જર |
| કામિની બી. સુથાર | બિપીનકુમાર એન. સુથાર |
| ડો. બિંદી એમ. પંડ્યા | ડો. મિહિર બી. પંડ્યા |
| મીલી રાજુ ગજ્જર | ડો. બોની મહેન્દ્ર ગજ્જર |

**તથા સ્વ. ભગવતભાઈ સુથાર પરિવાર**